ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/૧(૧૦)/ ૨૭
જીઆઈડીસી, ઉદ્યોગ ભવન,ગાંધીનગર.
તા. ૨૪ /૦૮/૨૦૧૨.

## // પરિપત્ર //

**વિષય :- ધોરાજી વેગડી વસાહતમાં પડતર રહેલ અરજીઓ અંગે ફાળવણીની પ્રક્રિયા હાથ ધરવા બાબત.**

નિગમની ધોરાજી વેગડી ઔદ્યોગિક વસાહતમાં યુટીલીટી પ્લોટ તરીકે નીમ થયેલ અને જેમાં યોગ્ય વપરાશ વગર પડી રહેલ જમીનની ફાળવણી કરવા સારૂં નિગમની તા. ૧૬/૦૭/૨૦૧૨ ના રોજ મળેલ ૪૬૬ મી સભામાં પસાર કરવામાં આવેલ ઠરાવ ક્રમાંક : ૮૬/વિતરણ/૪૬૬/૨૦૧૨ મુજબ વધારાના યુટીલીટી પ્લોટને ઔદ્યોગિક જમીન તરીકે તબદીલ કરી, તેનું પેટા વિભાજન કરી વિતરણ કરવા સારૂં પડતર રહેવા પામેલ અરજદારોને ઉદ્યોગ સ્થાપવા માટે પ્લોટ ઉપલબ્ધ કરાવવાના હેતુથી ધોરાજી વેગડી વસાહતમાં જી. ડી. સી. આર. મુજબ જરૂરિયાત કરતા વધુ જેટલી જમીન યુટીલીટી પ્લોટ માટે નીમ થયેલ છે, તેમાની જી.ડી.સી.આર. મુજબ જાળવવાની થતી જમીન કરતાં વધારાની જમીન વસાહતનાં વધારાના યુટીલીટી પ્લોટ નં. ૧૭ અને ૧૮ માંથી ઔદ્યોગિક જમીનમાં તબદીલ કરીને તેનું પેટા વિભાજન કરી, વધુમાં વધુ અરજદારોને ફાળવણી થાય તે માટેનું આયોજન કરવાનું ઠરાવવામાં આવેલ છે. તે મુજબ ક્ષેત્રિય કચેરી ધ્વારા જરૂરી દરખાસ્ત માન. ઉપા. અન વહી. સંચાલકશ્રીની મંજુરી અર્થે વડી કચેરીએ મોકલવાની રહેશે.

આ પરિપત્રનો ચુસ્તપણે અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ કાર્યપાલક નિયામકશ્રી ના નામજોગ પાઠવવી.

સહી/–

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,

⇒ નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ.
⇒ પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ
⇒ નિગમની તમામ વસાહતોના માન્ય ઔધોગિક મંડળોના પ્રમુખશ્રીઓ તરફ જાણ સારૂ.
⇒ મેનેજરશ્રી (એસ.એન્ડએ.),જીઆઈડીસી,ગાંધીનગર તરફ સદર પરિપત્ર નિગમની વેબસાઈટ ઉપર દર્શાવવાની કાર્યવાહી કરવા સારૂ.

રવાના કર્યું
Pathak
જનરલ મેનેજર (ઈ એન્ડ એ)

▶ MANAGER (COMPUTER )